(તસવીર : કશ્યપ નિમાવત)

ટ્રાફિક જાગૃતિ - શહેરમાં છેલ્લા એક વર્ષથી ટ્રાફિક પોલીસ દ્વારા જનજાગૃતિ માટે વિવિધ સ્થાનો પર અસરકારક સૂત્રો, ચિત્રો અને હકિકતો વ્યક્ત કરતા હોર્ડીંગ્સ મુકાય છે... શહેરના વિવિધ પ્રાયોજકો દ્વારા ટ્રાફિક પોલીસના અભિગમને પ્રોત્સાહિત પણ કરાય છે...

ચિલોડા સર્કલથી દારૂ ભરેલી જીપ સાથે ત્રણ પકડાયા

રૂ. ૪.૬૭ લાખનો મુદ્દામાલ ચિલોડા પોલીસે જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલ પાસેથી હિંમતનગર હાઈવેથી આવતી તાતા સફારી જીપમાં વિદેશી દારૂની હેરફેર કરાઈ રહી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલીસે વોચ ગોઠવીને દારૂ ભરેલી જીપ પકડી પાડી હતી. રૂ. ૪.૬૭ લાખનાં મુદ્દામાલ સાથે ત્રણ શખ્સોની ધરપકડ કરીને ઉંડી પુછપરછ શરુ કરી છે.

ચિલોડા પી.આઈ. એન.સી. ભરવાડ તથા તેમની ટીમ બાતમીને આધારે ચિલોડા સર્કલ પર વોચમાં ગોઠવાઈ ગયા હતા. બાતમી વાળી સફારી જીપ નં. જીજે ૬ એબી ૬૭૭૭ ચિલોડા સર્કલથી પસાર થતાં ઉભી રાખીને અંદર ચેકીંગ કરાતા દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જીપમાંથી ૧૯૦ બોટલ વિદેશી દારૂની બોટલ મળી આવતા જીપમાં હેરાફેરી કરતાં ત્રણ શખ્સોને પકડી પાયા હતા. રાજસ્થાન ઉદેપુરના ચિત્રકુટ વિસ્તારના પ્રકાશ કિશન લુહાર, નરેશ છગન અને પુષ્કર ઉર્ફે પપ્પુ ત્રણેય શખ્સની રૂ. ૪,૬૭,૬૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી માલ ક્યાંથી ક્યાં લઈ જવાતો હતો તે સહિતની પુછપરછ શરુ કરી છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સન્ડે સાયન્સ સ્કુલનો પ્રારંભ

ગાંધીનગર, તા.૬

વર્ષ દરમિયાન વિજ્ઞાનલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ કરાવતી નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે સન્ડે સાયન્સ સ્કુલનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શહેરની અલગ અલગ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સન્ડે સાયન્સ સ્કુલમાં જોડાઈને વિજ્ઞાનમાં વિકાસ કરવા જણાવ્યું છે.

સે-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર જિલ્લા કક્ષાનું લોક વિજ્ઞાન કેન્દ્ર છે. કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને વિજ્ઞાનમાં નિપૂણ કરવા છે. ઉનાળુ વેકેશન પૂર્ણ થતા સેન્ટર ખાતે પુનઃ સન્ડે સાયન્સ સ્કુલનો પ્રારંભ થઈ ચુકયો છે. સેન્ટરમાં પ્રવેશ પ્રક્રિયા શરુ કરવામાં આવી ગઈ છે. અને તા. ૧૪ જૂનથી અભ્યાસક્રમ શરૂ થઈ જશે.

સન્ડે સાયન્સ સ્કુલમાં જોડાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ સંસ્થાના કોઓર્ડિનેટર હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલનો સંપર્ક કરવા જણાવ્યું છે. વિજ્ઞાનના વિદ્યાર્થીઓને શાળામાં મુંઝવતા વિવિધ પ્રયોગનું વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવે છે. સંસ્થા છેલ્લા ૧૫ વર્ષથી આ કાર્ય કરી રહી છે.

વર્ષ દરમિયાન વિજ્ઞાનલક્ષી પ્રવૃત્તિઓ, પ્રવાસ અને સાયન્સને લગતી વિવિધ ફિલ્મો બતાવવામાં આવે છે. સંસ્થાની અદ્યતન લાયબ્રેરીમાં બાળકો વાંચી શકે તેવી અને પ્રયોગશાળામાં પ્રયોગની વ્યવસ્થા કરવાં આવી છે.

રવિવારે સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ ધોરણ-૮, ૧૦.૦૦ થી ૧૧.૦૦ ધોરણ-૯, ૧૧.૦૦ થી ૧૨.૦૦ ધોરણ-૧૦, ૨.૦૦ થી ૩.૦૦ ધોરણ-૫, ૩.૦૦ થી ૪.૦૦ ધોરણ-૬, ૪ થી ૫.૦૦ ધોરણ-૭

(તસવીર : કશ્યપ નિમાવત)

જીવદયા - મુક્તિધામ પાસે બિનવારસી હાલતમાં નવજાત વાનર બચ્ચુ મળી આવતા વાનર બચ્ચાના લાલન-પાલનની જવાબદારી મુક્તિધામના સ્ટાફ પરિવારે સંભાળી લીધી છે... જીવદયા અને કરૂણા માનવજાતનું અભિન્ન અંગ છે... કિડિયારું ભરતી આપણી સંસ્કૃતિ અને પરંપરા દરેક પશુ-પંખીના બચ્ચા માટે હંમેશા કાળજી લેવાય છે અને એને જ આપણે સંવેદનશીલ સમાજ કહીશું.... સલામ છે મુક્તિધામ સ્ટાફ પરિવારને....

સહકારી ઉપાહારગૃહના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૬

ધી સચિવાલય સહકારી ઉપાહાર ગૃહની કારોબારી મિટીંગ તાજેતરમાં મળી હતી. બેઠકમાં કારોબારીના વર્ષ-૨૦૧૫-૧૬ના હોદ્દેદારોની વરણી

કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે પ્રદિપસિંહ બિહોલા, ઉપપ્રમુખ પદે પ્રદ્યુમનસિંહ વાઘેલા, મહામંત્રી પદે ચંદ્રેશ પટેલ, સહમંત્રીપદે દિપક પટેલ, કારોબારી સભ્યોમાં મૌલિક પટેલ, અવિનાશ જાની, રિતિન મોદી, નંદુ પટેલ, દિનેશ ચૌહાણ, કેતન મેશ્રી અને અરૂણ કડીયાની વરણી કરવામાં આવી છે.

ખોરજ કેનાલ પાસે રિક્ષા પલ્ટી મારી જતા વૃદ્ધનું મૃત્યુ

પિતા-પુત્ર અડાલજથી સરખેજ જઈ રહ્યા હતા ત્યારે બનેલી ઘટનામાં પિતાને કાળ ભરખી ગયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-સરખેજ હાઈવે પર સ્થિત ખોરજ કેનાલ પાસેથી પસાર થઈ રહેલી રીક્ષા આજે સવારના અરસામાં અચાનક પલ્ટી મારી જતા રિક્ષામાં સવાર પિતા પુત્ર બંને ઘવાયા હતા જમાં રિક્ષા ચાલક ૬૧ વર્ષીય પિતાનું ઘટનાસ્થળે કરૂણ મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

અડાલજ ખાતે રહેતા ૬૧ વર્ષીય અલ્હાઉદ્દીન મનસુરી તેમના પુત્રની સાથે આજે સવારના અરસામાં રિક્ષા લઈને અમદાવાદ સરખેજ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન ખોરજ બ્રીજ પાસે અચાનક રીક્ષા રોડ પરતી નીચે ઉતરીને પલ્ટી મારી જતાં પિતા પુત્રને ઈજાઓ થવા પામી હતી. પુત્રને સદભાગ્યે સામાન્ય ઈજાઓ જ થઈ હતી પરંતુ પિતા અલ્હાઉદ્દીન મનસુરીને માથના ભાગે ગંભીર ઈજાઓ થતા બનાવ સ્થળ પર જ તેમનું કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. અડાલજ પોલીસ મથકના જમાદાર દશરથભાઈએ ગુનો દાખલ કરીને બનાવની તપાસ આરંભી છે.

સે-૨૪ ચોકડી પાસેથી પીધેલી હાલતમાં બે ઝડપાયા

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨૪ ચોકડી પાસે ગઈ રાત્રે બે શખ્સો દારૂના નશામાં ચુર થઈને જાહેરમાં બિભત્સ ચાળા કરતાં હતાં. આ બંને શખ્સોને સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ સી.બી. ચૌહાણે પકડી પાડયા હતાં. સે-૨૪ શ્રીનગરમાં રહેતો મનોજ ચંદ્રકાન્ત ભટ્ટ અને ઉત્પલ સરકાર આનંદ સરકાર નામના બંને શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

આર્ટ ઓફ લીવીંગ દ્વારા હેપીનેસ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૬

આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વારા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન કલેલ ૧૮ વર્ષથી મોટી ઉંમરના લોકો માટે તા. ૯-૬-૨૦૧૫થી ૧૪-૬-૨૦૧૫ સવારે ૬થી૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ બીજો માળ, મેઘમલ્હાર કોમ્પ્લેક્ષ, સે-૧૧ ખાતે કરેલ છે. આ શિબિરમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતી માટે સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતોની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ, જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવેલ છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના લોકોમાં મુખ્યત્વે રહેલ તનાવ તથા અન્ય નકારાત્મક લાગણીઓથી જેવી કે ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, અણગમો, જીદ્દીપણા વગેરેથી મુકત થઈ દરેક વ્યકિત વિશ્વ સ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત વ્યકિત થકી હિંસામુકત સમાજ બને તે છે. આ શિબિરમાં ભાગ લેવા તથા કોઈ પણ માહિતી માટે શિબિર સ્થળ પર સુરેશભાઈ પરમારનો સંપર્ક કરવો.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક ગત ૧ જૂનના રોજ યોજવામાં આવી હતી. બેઠકમાં આરોગ્ય, શિક્ષણ, સહિતના વિષય પર ચર્ચા કર્યા બાદ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે લવજીભાઈ વાડીઆ, કાર્યકારી પ્રમુખ તરીકે જયોતિન્દ્રભાઈ દવે, ભાનુપ્રસાદ પુરાણી, ઉપપ્રમુખ અને કો ઓર્ડિનેટર તરીકે જયંતકુમાર ભટ્ટ, રાજેન્દ્રભાઈ પારેખ, ઉપપ્રમુખ અને પ્રવકતા તરીકે મુળજીભાઈ પરમાર, ઉપપ્રમુખ તરીકે જીતેન્દ્રભાઈ ત્રિવેદી, મહામંત્રી તરીકે નિરંજનભાઈ ઓઝા, કોષાધ્યક્ષ તરીકે જીવણલાલ પરમાર, કાનૂનમંત્રી તરીકે હસમુખભાઈ ઠાકર, સંગઠન મંત્રી તરીકે દશરથભાઈ પરમાર, મંત્રી તરીકે રમણલાલ શ્રીમાળી, સોમાભાઈ પરમાર, પ્રવરમંત્રી અને સંસ્થાના પ્રવકતા તરીકે મનીષભાઈ દવે અને સંશોધન મંત્રી તેમજ આંતરિક ઓડિટર તરીકે હરીશભાઈ શ્રીમાળીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આજે માણસામાં મફત ચામડીના રોગોનો કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૬

માણસા સ્થિત આનંદીમાનો વડલોમાં પાલઈ વિઘ્નેશ્વરી ધામ ખાતે આજે ચામડીના રોગોનો નિદાન કેમ્પ યોજાશે. આજ રોજ રવિવાર બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન મફત નિદાન કેમ્પ યોજાશે. કેમ્પમાં ચામડીના ગુપ્તરોગો, રકતપિત્ત, સહિતના ચામડીના રોગોની તપાસ ડૉ. ગોરવ પટેલ કરશે. કેમ્પનો ચામડીના દર્દીઓને લાભ લેવા જણાવાયું છે.

સીઆરપીએફ કેમ્પમાં બસ કંડકટરે કરી મહિલાની છેડતી

ગાંધીનગર, તા. ૬

લેંકાવાડા સીઆરપીએફ કેમ્પમાં સરકારી કેમ્પની બસમાં અવર જવર કરતી મહિલાએ ચિલોડા પોલીસમથકમાં આજે બસના કંડકટર દ્વારા છેડતી કરવામાં આવી હોવાની ફરીયાદ નોંધાવી છે. બસ ઉભી રાખવાની બાબતે માથાકુટ થયા બાદ કંડકટરે તેણીને બાથમાં લઈને ગાળાગાળી કર્યા બાદ જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરીયાદ મહિલાએ નોંધાવતા ચિલોડા પોલીસે તપાસ શરૂ કરી છે.

કોલવડામાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક કોલવડા ગામમાં ચામુંડા પરા પાસે સ્થિત ઓએનજીસી કૂવાના ખુલ્લા ખેતરમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમે દરોડો પાડીને પાંચ શખ્સોને જુગાર રમતા પકડી પાડ્યા છે. કોલવડા ગામમાં રહેતા વિક્રમ ઉદા ઠાકોર, ચેતન ગલબા ઠાકોર, ભૂપત મણા ઠાકોર, હરા ભીખા ઠાકોર અને કઠલાલ તાલુકાના પિઠાઈ વિસ્તારના રમેશ મનુ પટેલ મળી પાંચ શકુનીઓની રૂ. ૫૬૦ રોકડા તથા ૨ હજારની કિંમતના ત્રણ મોબાઈલો મળીને કુલ રૂ. ૨૫૬૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરીને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આવતીકાલે ભાજપા મહિલા મોરચાની પ્રદેશ કારોબારી

પ્રદેશ મીડીયા સેલની યાદીમાં જણાવ્યું હતું કે તા. ૮ જૂનના રોજ મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી ડૉ. જ્યોતિબેન પંડ્યાની અધ્યક્ષતામાં ગુજરાત ભાજપ મહિલા મોરચાની પ્રદેશ કારોબારી રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પ્રદેશ પ્રભારી શ્રી ડૉ. દિનેશજી શર્મા, પ્રદેશ અધ્યક્ષ શ્રી આર. સી. ફળદુ, રાષ્ટ્રીય મહિલા મોરચાના અધ્યક્ષા શ્રીમતી વિજયા રાહટકરજી, પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા અને મહિલા મોરચાના પ્રદેશ પ્રભારી શ્રી ભરતસિંહ પરમારની ઉપસ્થિતિમાં યોજાશે.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે સવારે ૧૦.૦૦ કલાકથી યોજાનારી આ મહિલા મોરચાની પ્રદેશ કારોબારીમાં મહિલા મોરચાના પ્રદેશ પદાધિકારીઓ, મોરચાના પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ, મહિલા મોરચાના જિલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, જિલ્લા/મહાનગરના સંગઠનના મહિલા પદાધિકારીશ્રીઓ, પ્રદેશ સેલ મહિલા કન્વીનર - સહ કન્વીનર, મહિલા સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, બોર્ડ-નિગમના મહિલા ચેરમેન-વાઈસ ચેરમેન, જિલ્લા પંચાયતમાં મહિલા પ્રમુખ, ઉપપ્રમુખ, મહાનગરમાં મહિલા મેયર, ડે. મેયરશ્રીઓ ઉપસ્થિત રહેશે.

સત્યનારાયણ ભગવાનની કથા યોજી સેક્ટર-૫ના વડીલોએ જન્મ દિવસ ઉજવ્યો

ગાંધીનગર, તા. ૬

યુવાનો પોતાના જન્મ દિવસે હજજારો રૂપિયા ખર્ચ કરી નાખે છે. સિનેમા, હોટેલ અને લોન્ગ ડ્રાઈવ પર જઈ અનોખા અંદાજમાં જન્મ દિવસની ઉજવણી કરતા હોય છે. પરંતુ વડીલો પોતાનો જન્મ દિવસ કેવી રીતે મનાવતા હશે? કોઈએ વિચાર્યું. સેક્ટર-૫ વસાહત મંડળના સિનિયર સભ્યોનો જન્મ દિવસ આગવી શૈલીમાં મનાવ્યો હતો.

સેક્ટર-૫ વસાહત મંડળ, ગાંધીનગર સભ્યોએ વડીલોનો જન્મ દિવસ અલગ અંદાજમાં ઉજવવાનું નક્કી કર્યુ હતુ. ત્યારે તા. ૧ અને ૨ જૂન દરમિયાન જન્મેલા મંડળના સભ્યોનો જન્મદિવસ સત્યાનારાયણ ભગવાનની કથા કરીને મનાવ્યો હતો. ૨ જૂનના રોજ સેક્ટર-૫ સ્થિત જાહેર બગીચામાં સત્યનારાયણ ભગવાનની કથા કરવામાં આવી હતી. જેમાં બર્થ-ડે વડીલો, ઈશ્વરભાઈ પટેલ, કેશરીસિંહ બિહોલા, પશાભાઈ પટેલ, નટવરસિંહ ચાવડા, પરસોત્તમભાઈ પટેલ, ચેહુજી ગોહિલ કથામાં બેઠા હતા.

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી બળદેવભાઈ ચૌધરી તથા મહામંત્રીશ્રી વિક્રમસિંહ ચાવડાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવેલ છે કે ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાલતી શિક્ષક સહાય યોજના હેઠળ સભાસદના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે.

ધો. ૧૦ અને ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૭૦ ટકા, ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૫ ટકા પ્રાપ્ત કરનાર તેજસ્વી સંતાનોમાંથી પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમ પ્રાપ્ત કરનારને ચાંદીની મુદ્રાથી સન્માન કરવામાં આવનાર છે. નિયત ટકાવારીથી વધુ ગુણ મેળવનારને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવશે. જે અંગે નિયત કોર્સમાં ચાલુ વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલ સાથે તાલુકા કક્ષાએ તાલુકાસંઘ પ્રમુખ-મંત્રીશ્રીને પહોંચાડવાના રહેશે. તા. ૨૫મી જૂન સુધીમાં નિયત ફોર્મ તાલુકા કક્ષાએથી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના કાર્યાલય ને મળે તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ફોર્મ માન્ય રખાશે નહિ.

'વિશ્વ યોગ દિવસ' નિમિત્તે પ્રાથમિક શાળાઓના વોર્ડવાઈઝ ૧૧ કેન્દ્રો નિર્ધારિત કરાયા

ગાંધીનગર, તા. ૬

વિભિન્ન વિભાગોના સહયોગ સાથે ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશન દ્વારા 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી અંગેનું માર્ગદર્શન તથા માહિતી અપાશે.

દર વર્ષે ૨૧મી જૂનનો દિવસ 'વિશ્વ યોગ દિવસ' તરીકે ઉજવાશે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ૨૧મી જૂનના દિવસને 'વિશ્વ યોગ દિવસ' તરીકે ઉજવવા જાહેર કરાયું છે, જેને અનુલક્ષી ભારતમાં પણ આ સંદર્ભે વિસ્તૃત આયોજન કરવામાં આવ્યું છે, આ આયોજન અંતર્ગત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જુદા જુદા ૧૧ વોર્ડ મુજબ ૧૧ કેન્દ્રો નિર્ધારીત કરવામાં આવ્યા છે, આ સ્થળો ઉપર શહેરીજનોને 'વિશ્વ યોગ દિવસ'ના કાર્યક્રમની માહિતી અને નિદર્શન અપાશે.

ભારતીય સંસ્કૃતિની ઉત્તમ દેન એવી યોગ વિદ્યાને વૈશ્વિક ફલક પર મુકતા દર વર્ષે ૨૧મી જૂનના દિવસને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવા સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા જાહેર કરાયું છે. આ સંદર્ભે ગાંધીનગર શહેરમાં પણ વોર્ડવાઈઝ યોગના કાર્યક્રમ યોજવા આયોજન કરવામાં આવ્યું છે, જેને અનુલક્ષી મ્યુનિ. કોર્પોરેશન દ્વારા જુદા જુદા ૧૧ વોર્ડમાં ૧૧ કેન્દ્રો નિર્ધારીત કરાયા છે.

જેમાં વિભિન્ન વિભાગોના સહયોગ સાથે ૧૧ વોર્ડ અંતર્ગત આવતી જુદી જુદી ૧૧ પ્રાથમિક શાળાઓમાં શહેરીજનોને વિશ્વ યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમની માહિતી અને માર્ગદર્શન અપાશે. દરમ્યાન લોકો આ ઉજવણીમાં જોડાઈ તે હેતુ પણ વિભિન્ન કામગીરી કરાશે. આ કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો જોડાય તેવી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં ઓ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૫

તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૧ ટકા ● સાંજે ૨૨ ટકા

મનોરંજન

સિનેમેક્સ

સ્ક્રીન-૧ :

ડી સન એન્ડ્રીસ : ૯.૩૦, ૫.૨૦, ૧૦.૩૫

બે યાર : ૧૨.૦૦

ઈશ્કેદરિયાં : ૨.૩૦

પિકુ : ૭.૨૦

સ્ક્રીન-૨ :

વેલકમ ટૂ કરાંચી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

સ્ક્રીન-૩ :

વેલકમ ટૂ કરાંચી : ૯.૩૦

બે યાર : ૧૨.૨૦

ગબ્બર હીઝ બેક : ૩.૩૦

તનુ વેડસ મનુ રીટર્ન : ૬.૦૫, ૯.૦૦

સ્ક્રીન-૪ :

બે યાર : ૧૦.૩૦

તનુ વેડસ મનુ રીટર્ન : ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૧૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :

દિલ ધડકને દો : ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

દિલ ધડકને દો : ૨.૧૫, ૫.૪૫, ૯.૩૦

સ્ક્રીન-૩ :

દિલ ધડકને દો : ૧૨.૧૫, ૪.૦૦, ૧૦.૧૫

તનુ વેડ મનુ ૨ : ૭.૧૫

સ્ક્રીન-૪ :

જોબકા : ૧૦.૦૦

તનુ વેડ મનુ ૨ : ૧૨.૦૦, ૨.૪૫, ૧૦.૦૦

પીકુ : ૫.૩૦

કાક્કા મુત્તાઈ (તમિલ) : ૭.૪૫

સ્ક્રીન-૫ :

દિલ ધડકને દો : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૪૫, ૮.૧૫

આપની આજ

મેષ : આપનો પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો ઉકેલ મેળવી શકાય છે. કૌટુંબિક જીવનમાં તનાવ રહેવાની સંભાવના છે.

વૃષભ : જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા માટે આજનો દિવસ શુભ બની રહેશે. જૂના કાર્યોનું પરિણામ મળશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

મિથુન : આધ્યાત્મિક વ્યક્તિત્વના જાતકો માટે માન- સન્માન, લોકપ્રિયતામાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. વરિષ્ઠ ગુરુઓની કૃપા પ્રાપ્ત થશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

કર્ક : આપને કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરેના કાર્યો થવાની શકયતાઓ છે. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થઈ શકે છે.

સિંહ : ધર્મ આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. નીતિગત સમસ્યા, કોર્ટ- કચેરી સંબંધી વિવાદોને કારણે વિશેષ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

કન્યા : કુટુંબમાં વડીલો સાથે વિવાદમાં ન પડવું. ઉચ્ચસ્તરીય ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકશે. પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા-પ્રવાસનું આયોજન થશે.

તુલા : સામાજિક ક્ષેત્રોમાં, જ્ઞાન વર્ધક કાર્યોમાં ઉપસ્થિત રહેવું પડે તેવી પરીસ્થિતિ ઉભી થઈ શકે છે. મિત્રો તથા સગા-સ્નેહીજનો સાથે મુલાકાત થઈ શકશે. કૌટુંબિક સમસ્યાઓ દૂર થશે.

વૃશ્ચિક : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની સંભાવાનાઓ બની રહી છે. નાણાંકીય કાર્યોમાં વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

ધન : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અપરણિતો માટે લગ્નના માંગા આવી શકે છે.

મકર : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોમાં સંબંધીમાં ચિંતન થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં વધુ સમય પસાર થશે. કુટુંબનો સાથ સહકાર મળી રહેશે.

કુંભ : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી યોગ્ય રહેશે. રાજકીય તથા સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

મીન : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિ થઈ શકશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે.

ચિરવિદાય

- સ્વ. મચ્છીબેન જેઠાલાલ પરમાર (ઉ.વ.૧૦૦) પ્લોટ નં. ૬૧૧/૨, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. પટેલ હિરાબેન પ્રહલાદભાઈ (ઉ.વ.૮૮) મુ. કુડાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. જોરાજી કુંપાજી મારવાડી (ઉ.વ.૫૫) મુ. બોરીજ, તા.જી. ગાંધીનગર